# બીસીએ કોલેજના વિદ્યાર્થીઓની સાયન્સ સિટી કાર્નિવલમાં શૈક્ષણિક મુલાકાત

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૧૪

સાયન્સ સિટી, અમદાવાદ ખાતે આયોજિત સાયન્સ સિટી કાર્નિવલમાં કડી સર્વ વિશ્વવિદ્યાલય અંતર્ગત બી.પી. કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ અને એસ.વી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝના કુલ ૯૮ વિદ્યાર્થીઓ તેમજ ૪ સ્ટાફ સભ્યોની ઉપસ્થિતિમાં સંસ્થાઆ શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ના ચેરમેન અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેંટ વલ્લભભાઈ એમ. પટેલની દૂરંદેશીતા દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે આ પ્રકારની વિઝિટનું આયોજન કોલેજ દ્વારા સમયાંતરે થતું રહે છે.

આ મુલાકાતનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ વિકસાવવા સાથે નવીન ટેકનોલોજી અને પ્રાયોગિક જ્ઞાનનો અનુભવ કરાવવાનો હતો. વિદ્યાર્થીઓએ સાયન્સ સિટી ખાતે આવેલી વિવિધ ગેલેરીઓ જેવી કે એક્વેટિક ગેલેરી, રોબોટિક ગેલેરી તેમજ આર્ટ ગેલેરીની મુલાકાત લીધી હતી. આ



ગેલેરીઓમાં પ્રદર્શિત વિવિધ મોડેલ્સ, જીવંત પ્રદર્શન અને આધુનિક ટેકનોલોજી આધારિત પ્રોજેક્ટ્સને નિહાળી વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક રસ અને જિજ્ઞાસામાં નોંધપાત્ર વધારો થયો હતો.

મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ વિવિધ પ્રયોગો, ઈનોવેશન આધારિત પ્રદર્શનો અને ડિજિટલ ટેકનોલોજીના ઉપયોગ અંગે વિસ્તૃત માહિતી મેળવી. આ અનુભવ વિદ્યાર્થીઓ માટે માત્ર શૈક્ષણિક જ નહીં પરંતુ પ્રેરણાદાયક પણ સાબિત થયો હતો, જેના દ્વારા તેઓને ભવિષ્યમાં સંશોધન અને નવીનતા તરફ આગળ વધવા માટે પ્રોત્સાહન મળ્યું.

આ સમગ્ર શૈક્ષણિક પ્રવાસને સફળ બનાવવા માટે સંસ્થાના ડાયરેક્ટર ડૉ. રૂપેશ વ્યાસ દ્વારા પ્રેરણાત્મક માર્ગદર્શન અને સહકાર મળ્યો હતો. ઉપરાંત કોલેજના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ ડૉ. જૈમિની કુલકર્ણી દ્વારા વિદ્યાર્થીઓને સક્રિય ભાગીદારી માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.સાથે સાથે ઉપસ્થિત ૪ સ્ટાફ સભ્યો દ્વારા પણ વિદ્યાર્થીઓને મુલાકાત દરમિયાન સતત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓએ આ મુલાકાતને અત્યંત જ્ઞાનવર્ધક અને યાદગાર ગણાવી હતી. આવી પ્રવૃત્તિઓ સંસ્થાના શૈક્ષણિક માળખાને મજબૂત બનાવે છે અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સંસ્થા ભવિષ્યમાં પણ આવી શૈક્ષણિક મુલાકાતોનું આયોજન કરતી રહેશે તેવી ખાતરી વ્યક્ત કરવામાં આવી હતી.